Rajkot Rajpath Ltd.
(100% subsidiary company of Rajkot Municipal Corporation incorporated under Companies Act, 1956)
3rd Floor, Multi Activity Center, Nr. Nana-Mava Chowk, 150 Ring Road,
Rajkot – 360 005. E-Mail: rmc.rrl@gmail.com
Connecting people with buses...

## રાજકોટ રાજપથ લી.સંચાલિત બી.આર.ટી.એસ. તેમજ સીટી બસ સેવાના ટાઈમ ટેબલ માટે સ્ટીકર - વિનાયલ તથા રેડિયમમાં તૈયાર કરીને સાઈટ પર લગાવી આપવાના કામ

૧. આ કામના ભાવ ટેન્ડર નોટીસ પ્રસિધ્ધ થયાથી ૦૮/૦૨/૨૦૧૮ના રોજ સાંજના ૦૬.૦૦ કલાક સુધીમાં સ્પીડ પોસ્ટ/ રજી.એડી./રૂબરૂ થી રાજકોટ રાજપથ લી ., ૩ જો માળ , મલ્ટી એક્ટીવીટી સેન્ટર ( **ઇન્ટિગ્રેટેડ કમાન્ડ એન્ડ કંન્ટ્રોલ સેન્ટર** ) નાના મવા સર્કલ પાસે , ૧૫૦' રીંગ રોડ રાજકોટ ખાતે સ્વીકારવામાં આવશે.

૨. આ કામની ટેન્ડર ફિ ટેન્ડર રૂ. ૭૫૦/- (રૂ. સાતસો પચાસ પુરા) તથા ઈ.એમ.ડી. રૂ.૫૦૦૦/- (રૂ. પાંચ હજાર પુરા) ચેક/ડી.ડી. (પેએબલ એટ રાજકોટ) રાજકોટ રાજપથ લી. ના નામનો, ટેન્ડર ડોક્યુમેન્ટ સાથે કવરમાં અવશ્ય સામેલ કરવાનો રહેશે તેમજ કવર પર "સીટી બસ સેવાના ટાઈમ ટેબલ માટે સ્ટીકર - વિનાયલ તથા રેડિયમમાં તૈયાર કરી લગાવી આપવાનુ કામ" - એવું લખવાનું રહેશે.

૩. ટેન્ડરના મુખ્ય કવરમાં બે અલગ -અલગ કવર કે જેમાં (૧) ટેકનીકલ સ્પેસીફીકેશન બીડ કવર **તથા** (૨) પ્રાઈઝ બીડ સીલબંધ કરી બન્ને કવર ને ત્રીજા એક કવરમાં નાખી સીલ બંધ કરી મોકલવાના રહેશે.

૪. પ્રાઈઝબીડ નિયત ફોર્મમાં ભરી જરૂરી સહી સિક્કા સાથે રજુ કરવાના રહેશે. **તથા ટેન્ડરના દરેક પેઇજ પર** સહી સિક્કા સાથે રજુ કરવાનું રહેશે.

૫. જે બીડ ટેકનીકલ સ્પેસીફીકેશન મુજબ ક્વોલીફાઈ થશે . તે એજન્સીની જ ફક્ત પ્રાઈઝબીડ ઓપન કરવામાં આવશે.

૬. બીડને મંજુરી થયા બાદ દિન-૭ (સાત) માં કામની રકમ**ના 5% લેખે** સીક્યુ**રીટી** ડીપોઝીટ રાષ્ટ્રીયકૃત કે સેડ્યુઅલ બેંક નો જ ચેક / ડીડી રાજકોટ રાજપથ લી. ની તરફેણમાં શાખામાં જમા કરાવવાનો રહેશે. તેમજ ધોરણસરનું કરારનામું કરી આપવાનું રહેશે કરારની તારીખ થી એક વર્ષ સુધી **તથા આગામિ વર્ષ્**

માટે આ કામે નવી એજન્સી નિયૂક્ત ન થાય ત્યાં સુધી આ કામ નિયત ભાવથી કરવાનું રહેશે.

૭. પ્રાઈઝબીડમાં રજુ કરવામાં આવેલ ભાવ તમામ કરવેરા અને તમામ ખર્ચ સાથેના આપવાના રહેશે . GST નંબર ન હોય તો ટેન્ડર મળતા GST રજીસ્ટ્રેશન કરાવી GST નંબર તથા ટેક્સ વાળુ બિલ રજુ કરવાનુ રહેશે.

૮. **કામ ની શરતો :**

૧ ) 3M, AVERY, ODDY, NICOLITE, ONIX, તથા તેને EQUIVALENT BRAND માં સ્ટીકર છાપવાનું રહેશે.

૨ ) તે માટેની જરૂરી પ્રીન્ટ (ECO-SOLVENT WITH HIGH QUALITY થી) લેમીનેશન સાથે કાઢવાની રહેશે . તેમજ ૧ વર્ષ સુધીની કલર ડીફ્યુઝ ન થાય ત્યાં સુધી ની ગેરંટી આપવાની રહેશે. અને રૂટ વાઈઝ અલગ – અલગ કલરમાં સુચવ્યા અનુસાર પ્રીન્ટ આપવાની રહેશે.

૩ ) ટાઇમટેબલ માટેનો ઇ-મેઇલ મળ્યાના ૮ (આઠ) દિવસમાં સ્ટીકર સાઇટ તૈયાર કરી પર લગાડવાનું રહેશે, અન્યથા પ્રતિ દીવસ દીઠ કામની મુળ કીમંતના ૫% (પાંચ ટકા) લેખે (મહતમ ૫૦% સુધી) પેનલ્ટી આપના બીલ માંથી કપાત કરવામાં આવશે .

૪ ) સ્ટીકર માટેની પ્રીન્ટ માટેનુ પ્રથમ પ્રુફ રીડીંગ દીવસ-૨ (બે)માં રજૂ કરાવવાનુ રહેશે. ત્યારબાદ બીજુ પ્રુફ સુધારા સાથે દિવસ-૨ (બે)માં આપવાનું રહેશે . બીજુ પ્રુફ પરત કર્યાના દીવસ-૪ (ચાર)માં સ્ટીકર સાઈટ પર લગાડવાનું રહેશે .

૫ ) ટાઇમટેબલ માટેના સ્ટીકર પીકઅપ તેમજ બસસ્ટોપ પર લગાવી તે માટેના પ્રૂફ માટેનો ફોટોગ્રાફ રાજકોટ રાજપથ લી. ના MAIL ID પર E- Mail થી મોકલવાનો રહેશે.

૬) મીસ પ્રીન્ટ / પ્રીન્ટ ડીફેક્ટ વગેરે ની સંપુર્ણ જવાબદારી એજન્સીની રહેશે. જેનુ બિલ ચુકવવામાં આવશે નહિ.

૭ ) નવુ સ્ટીકર લગાવવાના કિસ્સામાં જુનુ સ્ટીકર/બિન અધિકુત જાહેરાત ને દુર કરીને તે સ્થાને નવુ સ્ટીકર મારવાનું રહેશે. તે માટે નો જરૂરી લેબર ખર્ચ નવા સ્ટીકર લગાવવાના ચાર્જમાં ગણતરીમાં લઇ ભાવ રજુ કરવા ( અલગથી લેબર ખર્ચ

આપવામાં આવશે નહિ) જ્યારે બિન અધિકૃત જાહેરાત ને દુર કરવાનાં કિસ્સામાં નિયત લેબર ચાર્જ (પ્રાઇસબીડ આઇટ્મ નંબર્-3 માં ભાવ રજુ કર્યા મુજબ) અલગથી આપવામાં આવશે.

૮) રાજકોટ રાજપથ લી.ની જરૂરીયાત મુજબના અન્ય જરૂરી પ્રીન્ટના સ્ટીકર પણ આજ ભાવથી તૈયાર કરવાના રહેશે.

૯ )વિનાયલ તેમજ રેડીયમ બંનેના સ્ટીકર માટેના પ્રતિ ચોરસ ફૂટ લેખે ભાવ સ્ટીકર તૈયાર કરી ને સાઈટ પર લગાડવા સહિતના ચાર્જ એટલે કે લેબર ચાર્જ, ટ્રાન્સપોર્ટેશન તેમજ ટેક્સ સહીત (INCLUSIVE OF ALL) આપવાના રહેશે.

૧૦) PAYMENT માટે થયેલ કામગીરીના પુરાવા સાથેનુ બીલ (GST નંબર વાળુ) દર મહિને રાજકોટ રાજપથ લી. શાખા ને રજુ કરવાનુ રહેશે.

૧૧) એજન્સીની કામગીરી સંતોષકારક જણાશે, તો નીયત ભાવથી આગામી એક વર્ષ માટેનો કોન્ટ્રાકટ રીન્યુ કરવાનો નિર્ણય એજન્સીની અનુમતીથી રાજકોટ રાજપથ લી . દ્વારા કરવામાં આવી શકે.

૧૨) ઉપરોકત કામ માટેના ભાવ આ પ્રકારની કામગીરીના અનુભવી એજન્સીઓ પાસેથી મંગાવવામાં આવે છે. તેમજ એજન્સીએ છેલ્લા ૨ (બે) વર્ષના અનુભવના આધાર પુરાવા ઉપરાંત છેલ્લા વર્ષના પ્રોફેશનલ ટેક્સ ભર્યાની રસીદ રજૂ કરવાની રહેશે.

૧૩) બીડ માટેની વેલીડીટી ટેન્ડર ઓપન કર્યા થી ૧૨૦ દીવસ ની રહેશે.

૧૪) આવેલ તમામ ભાવ સ્વીકારવા કે રદ કરવા તે માટેના તમામ આખરી નીર્ણય રાજકોટ રાજપથ લી. હસ્તક રહેશે.

૧૫) આ કામ બાબતે રાજકોટ રાજપથ લી. શાખા તરફ થી જે સુચના આપવામાં આવે તે મુજબ કામ કરવાનુ રહેશે. તથા સ્ટીકર/બિન અધિકુત જાહેરાતને દૂર કરવા અંગેની સુચના આપ્યાના ૨૪ કલાક્માં દુર કરી તેના પુરાવા અંગેના ફોટોગ્રાફ રજુ કરવાના રહેશે. નિયત સમયમાં આવી જાહેરાતને દૂર ન કરવા બદલ પ્રતિ દીવસ દીઠ કામની મુળ કીમંતના ૫% (પાંચ ટકા) લેખે (મહતમ ૫૦ % સુધી) પેનલ્ટી આપના બીલ માંથી કપાત કરવામાં આવશે.

૧૯) ઉપરોક્ત કા મે કોઇપણ વાંધો /તકરાર થયેથી ચેરમેન શ્રી , રાજકોટ રાજપથ લી .નો નિર્ણય આખરી રહેશે જે તમામ એજન્સીઓએ માન્ય રાખવાનો રહેશે.

નોંધ : ટેકનીકલ બીડ તા. ૦૯/૦૨/૨૦૧૮ ના રોજ સવારે ૧૨.00 કલાકે જનરલ મેનેજરશ્રી, રાજકોટ રાજપથ લી. ની ઓફીસ, 3 જો માળ, મલ્ટી એકટીવીટી સેન્ટર , નાનામવા સર્કલ, ૧૫૦ ફુટ રીંગ રોડ , રાજકોટ ખાતે ઓપન કરવામા આવશે.

# PRICE BID

## વિનાયલ તેમજ રેડીયમ માટેનું પ્રાઈઝ બીડ ફોર્મ

| Specification of Material | Rate per Sq.ft. Rs. (Inclusive of all) | Rate per Sq. ft. Rs. in words (Inclusive of all) |
|---|---|---|
| Preparing, Providing and Fixing the Vinayal Print at Site including Site Cleaning, Transportation etc Complete.<br>(High Quality Eco Solvent Print with Lamination, Min 1 Year Color Defuse Guarantee) | | |
| Preparing, Providing and Fixing the Radium Print at Site including Site Cleaning, Transportation etc Complete.<br>(High Quality Eco Solvent Print with Lamination, Min 1 Year Color Defuse Guarantee) | | |
| Removing of Sticker / Poster (Vinayal, Radium or any other material) from Bus , Bus Stops or any site) without demaging surface of the object. | | |

(ભાવ આપનાર ની સહી અને સિકકા)

ઉપરોકત ભાવ અમોએ આ કામ ની શરતો વાંચી ને સમજી વિચારી ભરેલ છે.

- ભાવ આપનાર ની સહી સિકકા સાથે :
- ભાવ આપનાર નુ પુરૂ નામ :
- ભાવ આપનાર પેઢી/ફર્મ નુ઼ં કાયમી સરનામુ઼ં :

# ટેન્ડર નોટીસ

**રાજકોટ રાજપથ લી.**

**(A WHOLLY OWNED SUBSIDIARY COMPANY OF RAJKOT MUNICIPAL CORPORATION)**

## TENDER NOTICE NO.:- RRL/BRTS/2017-18/11

**NAME OF WORK:** **રાજકોટ રાજપથ લી .સંચાલિત બી.આર.ટી.એસ. તેમજ સીટી બસ સેવાના ટાઈમ ટેબલ માટે સ્ટીકર - વિનાયલ તથા રેડિયમ મા તૈયાર કરીને સાઈટ પર લગાવવાનુ કામ**

રાજકોટ રાજપથ લી. સંચાલીત સીટી બસ સેવા માટે ના ટાઈમ ટેબલ માટે સ્ટીકર - વિનાયલ તથા રેડિયમ મા તૈયાર કરીને સાઈટ પર લગાવવાનુ કામ વાર્ષીક ધોરણે કોન્ટ્રાકટ કરવાના કામે વેપારીઓ પાસેથી ભાવ મંગાવવામાં આવે છે . આ કામ ની શરતો તથા ભાવ પત્રક , રાજકોટ રાજપથ લી. ૩ જો માળ - મલ્ટી એક્ટીવીટી સેન્ટર (ઇંન્ટિગ્રેટેડ કમાન્ડ એન્ડ કંન્ટ્રોલ સેન્ટર) નાના મવા સર્કલ પાસે, ૧૫૦' રીંગ રોડ, રાજકોટ ખાતે થી ઓફીસ ના સમય દરમ્યાન મળી શકશે . ભરેલા ભાવ પત્રકો સીલ બંધ કવર માં ઉપરોકત સરનામે તા . ૦૮/૦૨/૨૦૧૮ ના સાંજે ૬.૦૦ કલાક સુધી માં સ્પીડ પોસ્ટ / રજી. એડી. / રૂબરૂ થી મોકલી આપવાના રહેશે.

**Sd/-**
**General Manager (I/C)**
**Rajkot Rajpath Limited**